
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ
# SHREE ATMANAND PRAKASH




પુસ્તક : ૯૬ ✠ અંક ૩-૪

પોષ-મહા
જાન્યુઆરી-ફેબ્રુઆરી : ૯૯

✠ આત્મ સંવત : ૧૦૩ ✠
卐
✠ વીર સંવત : ૨૫૨૫ ✠
卐
✠ વિક્રમ સંવત : ૨૦૫૫ ✠


कल्याणसम्पदां पन्था इन्द्रियाणां सुवर्तनम् ।
दुर्वर्तनं पुनस्तेषामापदामेकमास्पदम् ।।

ઇન્દ્રિયોનું સદ્દવર્તન એ કલ્યાણસમ્પત્તિનો માર્ગ છે,
જ્યારે એમના દુર્વર્તનના પરિણામે માણસ અનેક દુઃખોથી ઘેરાય છે.

The good activities of senses are the source
of happiness or welfare,
while the bad ones cause reverse results.

( કલ્યાણભારતી ચેપ્ટર-૪ : ગાથા-૮ * પૃષ્ઠ ૫૨ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | પ્રભુ વીરની વાણી (કાવ્ય) | સંકલન : મુકેશ એ. સરવૈયા | ૧૭ |
| (૨) | સમાજોદ્ધારકનો મૂળમંત્ર (હપ્તો ૫ મો–ગતાંકથી ચાલુ) | ડૉ. કુમારપાળ દેસાઇ | ૧૮ |
| (૩) | ડૉ. કુમારપાળ દેસાઇને જૈન દર્શન અને સંસ્કૃતિ માટે મળેલો વિશિષ્ટ એવોર્ડ | | ૨૧ |
| (૪) | પૂ. શ્રી જંબૂવિજયજી મ. સાહેબના વ્યાખ્યાનો (હપ્તો ૧૧ મો–ગતાંકથી ચાલુ) | | ૨૨ |
| (૫) | યાત્રા પ્રવાસ | .... | ૨૫ |
| (૬) | ચાર વર્ષનો સંયમ અને છ વર્ષની જયણા | .... | ૨૬ |
| (૭) | "સામાયિક વ્રત" મુક્તિની નિસરણી | .... | ૨૭ |
| (૮) | શ્રી જૈન આત્માનંદ સભાના પેટ્રન અને આજીવન સભ્યોને નિવેદન | .... | ૩૦ |
| (૯) | સાભાર સ્વીકાર | .... | ૩૨ |


### આ સભાના નવા પેટ્રન મેમ્બરશ્રી

**શ્રી પ્રવિણચંદ્ર નગીનદાસ કપાસી ભાવનગર**

### આ સભાના નવા આજીવન સભ્યશ્રી

**(૧) શ્રી ઇન્દ્રકુમાર સતીયા હુબલી (કર્ણાટક)**

## માણવા જેવો સંસાર

આપણો સંસાર આખરે શું છે? ખૂબીઓનો પુરસ્કાર અને ખામીઓનો દંડ.... આપણા સંસારના ઘડવૈયા આપણે પોતે જ છીએ. જેવો છે તેવો પણ જીવવાની તક આપતો આ રૂડો–રૂપાળો સંસાર ખરેખર માણવા જેવો છે. એને નિરાશાપૂર્વક મૂલવીને ખેદ કરવાની જરૂર નથી. સંસારનું બુરાપણું આખરે તો સંસારીઓના કુ-વર્તનનું જ પરિણામ છે.

વેરવૃત્તિને કારણે આપણે અનેક સ્થળોએ બાવળિયા વાવતા હોવાથી આપણને જીવનમાં ક્યાંય છાંયડો કે શીતળતાનો અનુભવ થતો નથી. જીવનને અમૃતમય બનાવવા માટે સ્નેહ-ભાવ જેવું કોઇ ઉત્તમ રસાયણ નથી. જીવનની સુખ–દુઃખની યાતનાઓમાંથી હળવા બનવા પ્રેમની પ્યાલીનું પાન જરૂરી છે. જીવનમાં પ્રેમનું પરિબળ ન હોય તો જીવન જીવવાનો આનંદ નથી. સંસારને અમૃતમય બનાવવો કે વિષમય એ આપણાં પોતાના જ હાથમાં છે.... જીવનદૃષ્ટિને અંતરાત્મા તરફ વાળો તો જીવનનો અવર્ણનીય આનંદ તમે માણી શકશો અને પછી સંસાર જરૂર માણવા જેવો લાગશે....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ


## પ્રભુ વીરની વાણી

[ રાગ :– આંધળી માનો કાગળ ]

સુખ છે થોડું ને દુઃખ છે જાજુ, એવો છે આ સંસાર,
જીવતરમાં જ્યારે આગ લાગે. ને અંગે ઉઠે અંગાર;
છાંટે ત્યારે શીતળ પાણી, એવી પ્રભુ વીરની વાણી.....૧

રાગ નથી અને દ્વેષ નથી, છે પ્રેમનો પારાવાર,
નિશ દિન કુણા કાળજડાથી, વહેતી કરૂણા ધાર;
શાતા સામે સઘળા પાણી, એવી પ્રભુ વીરની વાણી.....૨

ચંડકૌશિકના ઝેર ઉભર્યા, ઉગારી ચંદનબાળા,
ગૌતમનો પણ ગર્વ ઉતાર્યો, વેણ કહી મરમાળા;
જાણે એનો સ્નેહ સરવાણી, એવી પ્રભુ વીરની વાણી.....૩

દીનદુઃખિયાને સુખી થવાનો, મારગ એ બતલાવે,
જાદુ ભરેલા વેણ કહીને, પાપીઓને પીગળાવે;
પાષાણને કરતી પાણી, એવી પ્રભુ વીરની વાણી.....૪

મંગલકારી વીરની વાણી, અમૃતની છે રસધાર,
ઝીલી શકે નહિ અંતર જેનું, એનો એળે ગયો અવતાર;
જાણે એનો છે મોક્ષ પ્રમાણી, એવી પ્રભુ વીરની વાણી.....૫

સંકલન : મુકેશ એ. સરવૈયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સમાજોદ્ધારકનો મૂળ મંત્ર

( હપ્તો ૫ મો )

અનુ. લેખક : ડૉ. કુમારપાળ દેસાઈ

( ગતાંકથી ચાલુ )

**યુગદર્શી આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ.સા.ના વિચારોએ ચીલાચાલુ સમાજને એક નવું દર્શન આપ્યું હતું. અહીં એક વિકટ સમસ્યા પર એમણે વેધક પ્રકાશ પાડ્યો છે. આ લેખ યુગદર્શી આચાર્યશ્રીની વ્યાપક દૃષ્ટિ અને સમસ્યાના વાસ્તવિક ઉકેલ માટેનું દર્શન પૂરું પાડે છે. હિંદીમાં અપાયેલા એમના આ વક્તવ્યોનો જાણીતા લેખક ડૉ. કુમારપાળ દેસાઈએ અનુવાદ કર્યો છે. આ વિચારોનું તલસ્પર્શી અવગાહન કરવા વાચકોને વિનંતી છે.**

**વિકાસમાં લાગેલી ઉધઇ :**

સમાજની વર્તમાન પરિસ્થિતિ જોતાં કેટલીક સામાજિક કુપ્રથાઓ તરફ નજર કરીએ.

સમાજના વિકાસમાં લાગેલી આ ઉધઇ છે. સમાજની ઉન્નતિમાં આવા કુરિવાજો અવરોધરૂપ પથ્થર સમાન છે, એટલે તેમનામાં પરિવર્તન કરવાની જરૂર છે. કેટલીક કુપ્રથાઓ આ પ્રમાણે છે.

**કન્યાવિક્રય :**

કન્યાવિક્રય એટલે વરપક્ષ પાસેથી ધન લઇને પોતાની કન્યા આપવી. એની પાછળ હેતુ એ હતો કે કોઇ કન્યાવાળા નિર્ધન હોય તો તે પૈસાથી છોકરીના લગ્નનો ખર્ચો કાઢી શકે, પરંતુ તે ધનને કોઇ પોતાના ઘરમાં રાખતા ન હતા. લગ્નના ખર્ચ માટે લાચારીવશ થઇને રકમ લેતા શરમ અનુભવતા હતા. એથી ઉલટું કન્યાદાન કરવામાં આવતું હતું અને છોકરીના ઘરનું પાણી પણ પીતા ન હતા, પરંતુ એ પછી કેટલાક ધનલોભી માનવીઓ કન્યાના હિત–અહિતનો વિચાર કર્યા વિના કન્યાના રૂપિયા ગણીને તેને વૃદ્ધ, બિમાર, વિકલાંગ કે બીજવર સાથે પરણાવી દેવા લાગ્યા. કન્યા વેચવાનો વ્યાપાર શરૂ થયો. કેટલાક સમાજના હિતેચ્છુઓનું ધ્યાન આ અનિષ્ટ તરફ ગયું અને એમણે આ કુપ્રથાને બંધ કરવાનો કાયદો કર્યો. હવે તો કન્યાવિક્રય લગભગ સમાપ્ત થઇ ચૂકયો છે, છતાં કયારેક કયાંક એવો પ્રસંગ બને છે, તે પણ સમાજથી છુપાવીને....

**વરવિક્રય :**

આજે સમાજને કન્યાવિક્રયને બદલે વરવિક્રયનો રોગ લાગુ પડ્યો છે. આ રોગ એટલો બધો ચેપી છે કે સમાજ આવા ભયંકર ટી.બી.ના રોગને લીધે મૃતપ્રાયઃ બની રહ્યો છે. જ્યાં જુઓ ત્યાં છોકરાઓ લીલામ થઇ રહ્યા છે. કન્યાપક્ષ પાસેથી ચાંદલો વીંટીના નામે મોટી–મોટી રકમ માંગવામાં આવે છે. સોનું કે સોનાના ઘરેણાં માંગવામાં આવે છે. ઘડિયાળ, રેડિયો, સોફાસેટ, સ્કૂટર કે અન્ય ફર્નિચરની માંગણી એ તો સાવ સામાન્ય વાત બની ગઈ છે. વિદેશગમનનો અને અભ્યાસનો ખર્ચ પણ માંગવામાં આવે છે.

આ રીતે પારકાના અને પરસેવો પાડ્યા વિનાના ધન પર તાગડધિન્ના કરવામાં આવે છે. યુવકો માટે આ અત્યંત શરમજનક બાબત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગણાય, વળી યુવાન છોકરાઓના માતા-પિતા માટે પણ આ કુરિવાજનું પાલન ઓછું શરમજનક કે પાપજનક નથી.

બિચારા કન્યાના મધ્યમવર્ગીય પિતાની સ્થિતિ ઘણી દુઃખદ થાય છે! એક બાજુ ઘરમાં વીસ-પચીસ વર્ષની દીકરી કુંવારી બેઠી હોય તો બીજી બાજુ વરપક્ષને મોં માગ્યા પૈસા આપવાની શક્તિ ન હોય, ઘરમાં ખાવાના સાંસા પડતા હોય, વ્યાપાર નબળો ચાલતો હોય, મોંઘવારી વધી ગઇ હોય, તેવે વખતે મોટી વયની કન્યાના પિતાની સ્થિતિ કેટલી બધી દયનીય થઇ જાય છે! તે વરપક્ષને કયાંથી આટલી મોટી રકમ કે કિંમતી સાધનો લાવીને આપે? આવી ચિંતાના ફળસ્વરૂપે કેટલાક માતા-પિતા તો આત્મઘાત કરે છે. આ ભયંકર અનિષ્ટ આટલેથી પૂરું થતું નથી.

જો કન્યાના માતા-પિતાએ વરપક્ષની અપેક્ષા કરતાં ઓછું આપ્યું હોય તો તેનું વેર છોકરી પર વાળવામાં આવે છે. આવી છોકરી જ્યારે નવવધૂ બનીને સાસરામાં આવે છે, તો એને સાસુ, સસરા અને નણંદોનાં મેણાં સાંભળવા પડે છે. ગાળો સહેવી પડે છે અને પતિની હેરાનગતિનો ભોગ બનવું પડે છે. એને વિવિધ યાતનાઓ અપાય છે, માર મારવામાં આવે છે તથા મારી નાખવાની ધમકી પણ અપાય છે અને કેટલીક જગ્યાએ તો સાચે જ મારી નાખવામાં આવે છે. તો શું આવું પાપકર્મ, આટલી ભયંકર હિંસા કોઇપણ ધર્મને માનનાર આસ્તિક પુરુષ કરી શકે ખરો? પરંતુ સમાજમાં આવી કુપ્રથાને ખુલ્લેઆમ પ્રચલિત થતી જોવા છતાં તેને સહન કરવામાં આવે છે, બલ્કે ધનિક વ્યક્તિઓ પોતાની છોકરીઓને પોતાના બરાબરીયા લોકોને ઘેર પરણાવવા માટે મોટી-મોટી રકમ વરપક્ષને આપે છે અને આ કુપ્રથાને ચાલુ રાખે છે. આ ભયંકર પાપી રિવાજને પુણ્યપ્રાપ્તિનો ઢોળ ચડાવીને ચાલુ રખાય છે. જે સમાજમાં છોકરા-છોકરીને મોંમાગ્યા પૈસાથી વેચવામાં આવે છે, તે સમાજનું અધઃપતન ન થાય તો બીજું શું થાય? આવા કુરિવાજોને તો જેમ બને તેમ ઝડપથી સમાજમાંથી ધક્કા મારીને કાઢવા જોઇએ.

## બાળવિવાહ અને વૃદ્ધવિવાહ :

આ બંને અનિષ્ટ સમાજના વિકાસમાં ઘાતક છે. સમાજને નિર્વીર્ય અને નિબળ બનાવનાર છે. આના અનિષ્ટકારક પરિણામો તો તમે જાણો જ છો. બાળવિવાહથી કસમયે કાચું વીર્ય નષ્ટ થઇ જવાથી ઘણા રોગ થાય છે. કસમયે જ વૃદ્ધ કે પુરુષત્વહીનતા વગેરે આવે છે અને સંતાન પણ નિર્વીર્ય પેદા થાય છે. વૃદ્ધવિવાહ તો જાણી જોઇને કોડભરી યુવાન કન્યાના જીવનમાં આગ ચાંપવા જેવી વાત છે. એનાથી તો કન્યાને વૈધવ્ય, અસહાયતા, પરાધીનતા જેવાં દુઃખો ઘેરી લે છે. કેટલાય માતા-પિતા ધનના લોભમાં અથવા તો પોતાની પુત્રીને પુષ્કળ ઘરેણાં અને સાધન-સામગ્રી સાંપડશે, એવા પ્રલોભનમાં વૃદ્ધના ગળે વળગાડી દે છે. સમાજ-સુધારકોએ આ રિવાજને સમાજમાંથી તત્કાળ તિલાંજલિ આપવી જોઇએ.

## કરિયાવર :

કરિયાવરની પ્રથા સમાજ માટે અત્યંત ઘાતક છે. કન્યાપક્ષવાળા સ્વેચ્છાથી જે ઇચ્છે તે આપે, પરંતુ તેનો દેખાડો કરવો જોઇએ નહીં. વરપક્ષવાળા તેમના પર એવુ દબાણ ન લાવે કે તમે આટલી રકમ આપશો, નહીં તો અમે તમારી છોકરી નહીં લઇએ. દહેજના દાનવે લાખો યુવતીઓનું લોહી પીધું છે અને એમના જીવનનું સત્યાનાશ વાળ્યું છે, તેથી આ પાપને પણ જેટલું બને તેટલું જલ્દીથી વિદાય આપો.

## ખર્ચાળ રીત-રિવાજ :

અત્યારે મોંઘવારીના સમયમાં વિવાહ, જન્મ, મૃત્યુ, ઉત્સવ કે કોઇ ખાસ અવસરે ઘણા ખર્ચાળ રીતરિવાજ પ્રચલિત છે. આ ખર્ચના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બોજથી મધ્યમવર્ગની કમર એટલી તો વાંકી વળી ગઇ છે કે હવે તે વધારે સહન કરી શકે તેમ નથી. બિચારો કરજ કરીને, મકાન, ઘરેણા વગેરે ગીરવે મૂકીને લાચારીથી સમાજમાં પોતાની આબરૂ જાળવવા માટે આવા પ્રસંગોએ રીત-રિવાજના ખપ્પરમાં હજારો રૂપિયા હોમે છે.

પરિણામ એ આવે છે કે ઘરમાં પેટ ભરીને ખાઇ શકતો નથી, બાળકોને પૂરું શિક્ષણ આપી શકતો નથી. પોતાના માટે કે કુટુંબ માટે કપડાં ખરીદી શકતો નથી, કારણ કે સમાજમાં હજી આ રીતરિવાજ પ્રચલિત છે, હજી સુધી તેને સમાજનિકાલ આપવામાં આવ્યો નથી, તેથી તેને સમાજમાં પોતાની આબરૂ જાળવવા ખર્ચની ચક્કીમાં પીસાવું પડે છે, તેથી ઝડપથી આવી સમાજમાં પ્રચલિત કુપ્રથાઓનો અંત લાવવો જોઇએ. મૃત્યુભોજનની પ્રથા પણ એટલી ભયંકર છે કે ક્યાંક ક્યાંક તો સમાજના પ્રતિષ્ઠિત લોકો દ્વારા મૃતકના કુટુંબીઓને મેણાં મારી મારીને, દબાણ કરીને પરાણે આ રિવાજનું પાલન કરાવાય છે.

**કર્તવ્યનિર્દેશ :**

એક બાજુ આવી નિરર્થક અને ખર્ચાળ કુપ્રથાઓમાં સમાજના લાખો રૂપિયા વેડફવામાં આવે છે તો બીજી બાજુ આપણા સંતાનો નિરક્ષર રહે છે. શિક્ષણની બાબતમાં આપણો સમાજ બીજા સમાજ કરતાં ઘણો પાછળ છે. શિક્ષણક્ષેત્રે સમાજ પછાત રહે તો ઉદ્યોગધંધા, આધુનિક યંત્રો વગેરેના જ્ઞાન-વિજ્ઞાનમાં પ્રગતિ સાધી શકતો નથી.

સમાજનું આ પછાતપણું નવી પેઢીના વિકાસને રૂંધે છે, આથી ખર્ચાળ અને નિરર્થક કુપ્રથાઓ બંધ કરીને તે રકમને સમગ્ર વિકાસના મૂળ સમાન શિક્ષણ માટે મોકળે હાથે ખર્ચવી જોઇએ. વિદ્યાદાનમાં ખર્ચાયેલું ધન વ્યર્થ જતું નથી. તમારી સામે મહાવીર વિદ્યાલયનું દૃષ્ટાંત છે કે પ્રારંભે રૂઢિચુસ્ત બનીને આ વિદ્યાદાનનો કેટલો બધો વિરોધ કરતા હતા ? વિરોધની એટલી આંધી જગાવવામાં આવી હતી કે તેઓ શ્રી મહાવીર જૈન વિદ્યાલયને ઉડાવી દેવા તત્પર થયા હતા. સમાજનું ભાગ્ય પ્રબળ હોવાથી સમાજના અગ્રેસરોએ મારી વાત પર લક્ષ આપીને આ વિદ્યાલયના વિકાસ કાજે પ્રયત્નો કર્યા. આજે તમે એનું મધુર ફળ આસ્વાદી રહ્યા છો. શ્રી મહાવીર જૈન વિદ્યાલયને કારણે હજારો યુવકો વિદ્યા પ્રાપ્ત કરીને આજે પોતાનું જીવન સુખપૂર્વક અને ધર્મમય રીતે વિતાવે છે. "ટીપે ટીપે સરોવર ભરાય" એ કહેવત ઉપર ધ્યાન આપીને તમારે સમાજના ઉત્કર્ષ માટે યથાશક્તિ સંપત્તિ અને સાધનનો ઉપયોગ કરીને માનવજીવન સાર્થક કરવું જોઇએ.

સમાજોદ્ધારના આ મૂળ મંત્રોને ધ્યાનમાં રાખીને સામાજિક પ્રગતિના કાર્યમાં તમે તન, મન, ધનથી પ્રયત્ન કરશો તો તમારા પુણ્યમા વૃદ્ધિ તો થશે જ, બલ્કે એની સાથોસાથ સમાજમાં ધર્મની પણ વૃદ્ધિ થશે, સર્વાંગીણ વિકાસના દ્વાર ખુલશે અને તે આ સમાજને મોક્ષમાર્ગ તરફ લઇ જશે, એમાં કોઇ શંકા નથી.

[સંપૂર્ણ]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ડૉ. કુમારપાળ દેસાઇને જૈનદર્શન અને સંસ્કૃતિ માટે મળેલો વિશિષ્ટ એવોર્ડ



મુંબઇના **શ્રી યશવંતરાય** ચવ્હાણ ઓડિટોરિયમમાં સુપ્રસિદ્ધ સાહિત્યકાર અને વિખ્યાત ચિંતક ડૉ. કુમારપાળ દેસાઇને પૂ. શ્રી પાંડુરંગ આઠવલેજીએ "શ્રી દિવાળીબેન મોહનલાલ મહેતા એવોર્ડ" અર્પણ કર્યો હતો. "હ્યુમન વેલ્યુઝ એન્ડ કલ્ચરલ હેરીટેજ" માટેનો આ એવોર્ડ શ્રી કુમારપાળ દેસાઇને એમના ૭૦ જેટલાં મૂલ્યલક્ષી પુસ્તકો અને અખબારમાં પ્રગટ થતી કોલમ્સને લક્ષમાં રાખીને આપવામાં આવ્યો. વળી ભારતના સાંસ્કૃતિક વારસાના પ્રસાર માટે એમણે દેશ અને વિદેશમાં કરેલું મહત્ત્વનું યોગદાન તેમજ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા આપેલાં પ્રવચનો અને વિશ્વસ્તરે યોજેલ કાર્યક્રમો માટે આપવામાં આવ્યો. એવોર્ડ આપનારી જ્યૂરીના મુખ્ય નિર્ણાયક સુપ્રિમ કોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ પી. એન. ભગવતી પણ આ પ્રસંગે ઉપસ્થિત હતા. ડૉ. કુમારપાળ દેસાઇએ જૈનદર્શન અંગે ગુજરાતી-અંગ્રેજીમાં લખેલાં પુસ્તકો, પ્રવચનો અને સંસ્થાઓમાં કરેલા આંતરરાષ્ટ્રીય કાર્યની વિશેષ નોંધ લેવામાં આવી.

આ સમયે ભ્રષ્ટાચાર વિરોધી જેહાદ કરનારા અન્ના હજારે, પર્યાવરણનું કાર્ય કરનારા સુંદરલાલ બહુગુણા, આઝાદીની લડાઇમાં સક્રિય ભાગ લેનાર ગાંધીવાદી કાર્યકર શ્રી ઉષાબહેન મહેતાને પણ એમના કાર્યક્ષેત્રને અનુલક્ષીને જુદા જુદા એવોર્ડ અર્પણ કરવામાં આવ્યા હતા.

ડૉ. કુમારપાળ દેસાઇના જાન્યુઆરીમાં નૈરોબી અને ફેબ્રુઆરીમાં સિંગાપોરમાં સાહિત્યિક અને ધર્મ-દર્શન વિષયક પ્રવચનો ત્યાંના સેન્ટરોએ યોજ્યા છે.



બાળપણમાં જે વાંચતા નથી શીખ્યો
એને ઘડપણમાં વાંચતા આવડે એ શક્ય વાત છે,
પરંતુ બાળપણમાં જૈનધર્મ નથી ગમ્યો
તેને વૃદ્ધાવસ્થામાં ધર્મ ગમી જ જશે
એ શક્યતા નહિવત્ છે...

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂજ્યપાદ ગુરુદેવ મુનિરાજશ્રી ભુવનવિજયાન્તેવાસી

પ. પૂ. આગમપ્રજ્ઞ-તારક ગુરુદેવશ્રી

# જંબૂવિજયજી મહારાજ સાહેબના વ્યાખ્યાનો

[ હપ્તો ૧૧ મો ] [ ગુરુ વાણી ભાગ-૧માંથી સાભાર... ]

ધર્મ કરનાર શ્રાવકનો બીજો ગુણ ચાલી રહ્યો છે. શ્રાવક પાંચે ઇન્દ્રિયોથી પરિપૂર્ણ હોવો જોઇએ. સાથે પાંચે ઇન્દ્રિયો પર સંયમ રાખનારો હોવો જોઇએ. જો ઇન્દ્રિયો પર સંયમ ન હોય તો માણસ કયાંનો કયાં ફેંકાઇ જાય છે.

રસનેન્દ્રિય પર ચારે ઇન્દ્રિયોનો આધાર હોય છે. જો થોડા દિવસ ખોરાક બંધ હોય તો એકે ઇન્દ્રિય કામ નહીં આપે. માણસ આહાર છોડે છે. એટલે વિષયો બધાં શાંત પડી જાય છે. પણ વિષયો તરફનો રસ એનો છુટતો નથી. કોઇ માણસ ઉપવાસ કરે છે એટલે તે દિવસે તો તે આહાર છોડે છે પણ પારણામાં તોફાન શરૂ થાય છે. એક વસ્તુ ઓછી આવે અથવા ઠંડી આવે તો મિજાજ ચાલ્યો જાય છે. તો એ રસ કયારે છૂટે ? જ્ઞાની ભગવંતો કહે છે કે જો પરમાત્માનો રસ આપણા જીવનમાં જાગી જાય તો બધાય રસ છૂટી જાય. આ રસનેન્દ્રિયથી તો યુગપ્રધાન આર્ય મંગુ કેવા પટકાઇ ગયા.

આર્ય મંગુ નામના એક મહાન આચાર્ય થઇ ગયા. શાસ્ત્રના જાણકાર યુગપ્રધાન પુરૂષ હતા એ સમયે મથુરા એ જૈનધર્મનું કેન્દ્રસ્થાન હતું. તેથી આચાર્યભગવંત અવાર-નવાર ત્યાં આવીને રહેતા હતા. આવા યુગપ્રધાન પુરૂષ પધારતા હોય એટલે લોકો ચારેબાજુથી ઉમટી પડે અને ભક્તિથી સારામાં સારી વાનગીઓ બનાવીને તેમના શિષ્યોને વહોરાવે. તેઓ પોતે મહાજ્ઞાની હતા. પણ લપસણી જગ્યા પર પગ આવી જાય તો માણસ સ્થિર રહી શકે ખરો ? લપસી જ જાય ને ? તેમજ ઇન્દ્રિયો એ લપસણી છે. થોડા વખત તો આચાર્યમહારાજ નિર્લેપ રહ્યા. પણ રસનેન્દ્રિયે જોર કર્યું. એટલે હવે તો લગભગ મથુરામાં જ વારંવાર વાસ કરવા લાગ્યા. ભલા ભોળા લોકો તો આચાર્યભગવંતની ખૂબ ભાવથી જુદા જુદા પકવાન્નોદ્વારા ભક્તિ કરે છે. વૃદ્ધાવસ્થા આવી. આવા ભોજન ખૂબ ભાવવા લાગ્યા. એટલે આચાર્ય આસક્તિથી તે ભોજન કરવા લાગ્યાં. ત્યાં કાળરાજાનું એલામ વાગ્યું. આચાર્યશ્રી કાળ કરી ગયા. મથુરા નગરીની બહાર એક મોટી ગટર છે. સાધુઓ રોજ ત્યાં સ્થંડિલ જવા જતા. હવે સાધુઓ ત્યાં જાય છે અને એક વિકરાળ આકૃતિ દેખાય છે. આ રીતે આઠ-દસ દિવસ સુધી ચાલ્યુ. સાધુઓ તો ડરી ગયા. પણ પછી બધાએ ભેગા થઇને નિર્ણય કર્યો કે આજે તો આપણે બધા સાથે ત્યાં જઇએ. બધા સાથે મળીને જાય છે, પેલી વિકરાળ આકૃતિ કે જેના મોંમાથી મોટી જીભ બહાર-નીકળીને લપકારા મારી રહી છે તે દેખાય છે. સાધુઓ હિંમત એકઠી કરીને પૂછે છે કે તમે કોણ છો ? અને અમને બધાને શા માટે બીવડાવો છો ? ત્યાં પેલી વિકરાળ આકૃતિ બોલી કે " હું તમારો ગુરૂ આર્ય મંગુ છું. " તમને બીવડાવવા માટે નથી આવતો, પણ ઉપદેશ આપવા આવ્યો છું કે રસનેન્દ્રિયની લાલસા છોડી દો. એ લાલસાથી હું ગટર પર વ્યંતર દેવ તરીકે ઉત્પન્ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થયો છું. તમારી પણ આવી દશા ન થાય માટે તમને ચેતવવા આવ્યો છું. તમે બધા તરત જ અહીંથી વિહાર કરી દો. અને ભવિષ્યમાં પણ જીભના સ્વાદમાં આસક્તિ કરતા નહિં.

આવા આર્ય મંગુ જેવા જ્ઞાની યુગપ્રધાનની પણ જો આવી દશા થાય તો પછી આપણી કેવી દશા થશે ?

**જીભને ભગવાને બે કામ સોંપ્યા છે. એક ખાવાનું અને બીજું બોલવાનું.** જે માણસને જીભ પર કાબૂ નથી હોતો. તેના જીવનમાં સદાચાર, તપ કે ત્યાગ કંઇ નહીં જોવા મળે. આ બધા ઝઘડા થાય છે તે શેનાથી ? એક જીભથી જ ને ! અરે **હાડકા વિનાની આ જીભ અનેકના હાડકા ભગાંવતા વાર નથી લગાડતી.**

એક વખત દાંત અને જીભ વચ્ચે સંવાદ થયો. દાંતે જીભને કહ્યું કે જીભ ! તું છાની–માની બેસ. કારણ કે તું બત્રીસ રાક્ષસોની વચ્ચે રહેલી છે જો અમારા બત્રીસેની વચ્ચે આવી જઇશ તો કચરાઈ જઇશ. ત્યારે જીભ કહે છે અરે રાક્ષસો ! તમે પણ સીધા ચાલજો, નહીંતર તમને બધાને એક સાથે પાડી નાખતાં વિચાર નહીં કરૂં. જો બોલવા પર કાબૂ ન હોય તો બત્રીશી પણ પડી જાય. આ જ જીભ લાખો લોકોનું કલ્યાણ પણ કરી શકે છે.

**ઇન્દ્રિયોમાં રસનેન્દ્રિયને જીતવી અતિદુષ્કર છે. ગુપ્તિમાં મનોગુપ્તિને જીતવી દુષ્કર છે અને વ્રતમાં બ્રહ્મચર્ય-વ્રતને જીતવું દુષ્કર છે.**

**શ્રાવણ સુદ ૯**

ધર્મને જીવનમાં એવી રીતે વણવો જોઇએ કે આપણા જીવનમાંથી કોઇને ધર્મની જ પ્રાપ્તિ થાય અને તો જ આપણને ધર્મ મળવો દુર્લભ બને. પણ જો આપણાથી બીજાને અધર્મની પ્રાપ્તિ થાય તો ધર્મ મળવો પણ દુર્લભ બની જાય. વ્યાખ્યાન કયારે બરાબર પચે ? જો તેનું વારંવાર પરિવર્તન–ચિંતન થાય તો જ એનું સાચું રહસ્ય સમજાય. ગાય પણ પહેલાં ઝડપથી ખાય છે અને પછી નિરાંતની પળોમાં તેને વાગોળતી હોય છે ત્યારે જ આપણને દુધની પ્રાપ્તિ થાય છે. ભગવાન વજ્રસ્વામી શેમાંથી બન્યા જાણો છો.... એક જ વાતનું ૫૦૦ વાર પરિશીલન કર્યું....અને તેનાથી પદાનુસારિણી લબ્ધિ મેળવી. વાત એમ છે કે એકવાર ભગવાને દેશનામાં કહ્યું કે જે પોતાની લબ્ધિથી અષ્ટાપદ પર જાય છે તે તે જ ભવમાં મોક્ષે જાય છે. ગૌતમસ્વામીને થયું કે ભગવાન મને કહે છે કે ગૌતમ તું તદ્‌ભવ મોક્ષગામી છે. તો લાવને હું હવે મારી લબ્ધિથી અષ્ટાપદ પર જાઉં અને ખાતરી કરૂં તેથી સૂર્યનું કિરણ પકડીને અષ્ટાપદ પર પહોંચ્યા અને ત્યાં 'જગચિંતામણિ' સ્તોત્રની રચના કરી. પછી દર્શન કરીને પોતે એક વૃક્ષની નીચે બેઠા છે. ત્યાં દેવો દર્શન કરવા માટે આવે છે. તેમાં કુબેરભંડારી દેવ પણ છે. ગૌતમસ્વામી દેશના આપે છે તેમાં દેવ–ગુરૂનું સ્વરૂપ સમજાવે છે. ગુરૂનું સ્વરૂપ સમજાવતાં કહે છે કે ગુરૂ નિષ્પરિગ્રહી હોય, તપસ્વી હોય, લુખુ–સુકું ભોજન કરનારા હોય.... વગેરે. આ વર્ણન સાંભળીને કુબેરદેવને ગૌતમસ્વામીની હૃષ્ટ–પુષ્ટ કાયા જોઇને હસવું આવે છે. ગૌતમસ્વામી હંમેશાં છટ્ઠના પારણે છટ્ઠ કરતા હતા. પરંતુ ભગવાનના આશીર્વાદથી, જ્ઞાનથી, સમતાથી અને પ્રસન્નતાથી એમનું શરીર હૃષ્ટ–પુષ્ટ હતું. કંઈ ખોરાકથી તેમનું શરીર વધેલું નહોતું પ્રસન્નતા એ જ આત્માનો–દેહનો સાચો ખોરાક છે. ગૌતમસ્વામી સમજી જાય છે કે મારી કાયા જોઇને આ દેવ મારા વચન પર હસે છે. તેના સંશયને દૂર કરવા માટે કંડરીક–પુંડરીકનું દૃષ્ટાંત આપે છે.

કંડરીક અને પુંડરીક રાજપુત્રો હતા. બંને ભાઇઓ હતા. બંને જણા કોઇ સ્થવિર મહાત્માનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપદેશ સાંભળી વૈરાગ્ય પામ્યા હતા. ઘરે આવીને બંને ભાઇઓ વચ્ચે ચારિત્ર લેવા માટે વિવાદ થયેલો. કેવો હશે એ સમય? જ્યાં બે ભાઇઓ સંસાર છોડવા માટે મીઠો ઝઘડો કરતા. આજે ભાઇ–ભાઇની સામે પૈસા ખાતર કોર્ટે ચડે ને રીવોલ્વથી ભાઇને શૂટ કરી નાંખે છે. આ બન્ને ભાઈઓમાંથી અંતે નાના ભાઇએ દીક્ષા લીધી અને તે કંડરીકમુનિ બન્યા. અનુક્રમે ગુરૂ સાથે વિહાર કરતાં તેઓ ખૂબ ઉચ્ચ કોટીનું સંયમ જીવન પાળવા લાગ્યા. સાથે તપની સાધના પણ જોરદાર ચાલુ કરેલી. એક હજાર વર્ષ સુધી આ રીતેતપ કરતાં કરતાં શરીર સૂકાઇ ગયું. અંત-પ્રાંત ભોજનથી રોગો પણ અનેક થયેલા છે. પણ આત્માનો આનંદ અપૂર્વ છે. એક વખત વિહાર કરતાં પોતાના સંસારી ભાઇ પુંડરીક રાજાનીનગરી પુંડરીકિણીમાં પધારે છે. પુંડરીક રાજા ગુરૂવંદનાર્થે ઉપવનમાં આવે છે. પોતાના ભાઇ મહારાજને અત્યંત સૂકાયેલા જોઈ ગુરૂદેવને વિનંતી કરે છે. ગુરૂદેવ! મારા બંધુમુનિને થોડા દિવસ અહીં સ્થિરતા કરાવો તો સેવાનો લાભ મળે. ગુરૂએ આગ્રહ જોઇ આજ્ઞા આપી. આ બાજુ કંડરીક મુનિનું શરીર તો રાજ તરફથી થતી સેવા અને રોજબરોજના મેવા–મીઠાઈના આહાર-પાણીથી પુષ્ટ બને છે. પણ ચારિણ જીવનમાં શિથિલાચાર વધતો જાય છે. આત્માના પરિણામ નબળા પડી જાય છે. પુંડરીકને આ વાતની ખબર પડી ત્યારે તેને આઘાત લાગે છે, પણ મુનિ વિહારનું નામ નથી લેતા. પુંડરીક એમને વિહાર કરવા માટે યુક્તિપૂર્વક પ્રેરણા કરે છે. એટલે કંડરીકમુનિ નાછુટકે કમને વિહાર કરે છે, પરંતુ સુખશીલ જીવન થઇ જવાથી હવે ચારિત્રના કઠિન જીવનથી કંટાળી ગયા છે એટલે થોડા સમય પછી ગુરૂથી છૂટા પડીને પાછા ફરે છે. ફરી પોતાની નગરીના ઉદ્યાનમાં આવી સાધુવેષની એક પોટલી બાંધી ઝાડ પર લટકાવી દઇ નિરશ દિલથી ત્યાં બેસે છે. રાજાની દાસીએ જોઇ લીધું કે આ કંડરીક મુનિ જ છે. રાજાને સમાચાર આપ્યા એટલે રાજા પોતે જ આવે છે. દૂરથી જ જોઇ લીધું કે કાંઇક ગરબડ છે. કંડરીકને ઘણું સમજાવ્યું પણ એ ન માન્યા. અંતે પુંડરીક એને રાજ્ય ગાદીએ બેસાડીને પોતે ચારિત્ર લે છે. આ બાજુ કંડરીક ચારિત્ર છોડી રાજમહેલમાં આવેલા એટલે પરિવારના લોકો પણ એને તિરસ્કારી જોઇ રહ્યા છે. કોઇ એમનું માનતું નથી કંડરીકે તે જ દિવસે ખૂબ રસ-પૂર્વક કરાંજી–કરાંજીને ખાધું. પણ પચ્યું નહિ. રાતે પેટમાં ભયંકર શૂળ ઉપડી. એક તરફ પેટની વેદના અને બીજી બાજુ રાજ્યના માણસોનો અનાદર. બન્ને બાજુથી યાતના ભોગવતા કંડરીક અતિ તીવ્ર અશુભ અધ્યવસાયે ચડે છે. એ વિચાર કરે છે કે આ વેદનામાંથી મુક્ત બનું તો સવારે આ બધાને મારીને ઠીક કરીશ. આવા ક્લેશયુક્ત પરિણામમાં જ મૃત્યુ પામી સાતમી નરકે પહોંચી ગયા. અને પુંડરીક આરાધના કરીને સર્વાર્થસિદ્ધ દેવલોકમાં ઉત્પન્ન થયા પછી મોક્ષમાં જશે.

આ પ્રમાણે દેશનામાં ગૌતમસ્વામી કુબેરને કહે છે કે ભાઇ શુભ–અશુભનું ધ્યાન એ પુણ્ય–પાપનું કારણ છે. શરીર પરથી કાંઇ નિર્ણય થઇ શકતો નથી. પણ અધ્યવસાય પર બધો આધાર રાખે છે. સાધુની કાયા એ તો બહારનું સ્વરૂપ છે, જ્યારે ધ્યાન એ અભ્યન્તર સ્વરૂપ છે. દેશના પુરી થાય છે. ગૌતમસ્વામી પોતે નીચે આવે છે. કુબેર પણ ત્યાંથી ચાલ્યા ગયા. આ વાતનું સાથે રહેલા દેવોમાંથી એક દેવે ૫૦૦ વખત પરિશીલન કર્યું. અને એ દેવ ત્યાંથી ચ્યવીને વજ્રસ્વામી બને છે. ઉત્તમ પરિશીલનથી પણ માણસમાં કેવા સંસ્કારો રેડાય છે. વ્યાખ્યાન શ્રવણ પછી ચિંતન ખૂબ જ જરૂરી છે. પણ આપણે તો શ્રવણથી જ અટકી ગયા છીએ. [ ક્રમશઃ ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# 卐 યાત્રાપ્રવાસ 卐

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર તરફથી સં. ૨૦૫૫ના પોષ વદ ૮ ને રવિવાર તા. ૧૦-૧-૯૯ના રોજ ઘોઘા-શ્રી નવખંડા પાર્શ્વનાથ, કદમ્બગિરિ-શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ, શત્રુંજય ડેમ, પાલીતાણા-જયતલાટી તથા કીર્તિધામ-પીપરલા-શ્રી સીમંધરસ્વામી તીર્થનો યાત્રાપ્રવાસ યોજવામાં આવ્યો હતો.

આ યાત્રાપ્રવાસ કારતક માસનો ડેમનો, માગશર માસનો ઘોઘાનો સંયુક્ત રાખવામાં આવ્યો હતો, જેમાં નીચે મુજબના દાતાશ્રીઓની વ્યાજની રકમમાંથી ગુરૂભક્તિ તથા સ્વામીભક્તિ કરવામાં આવી હતી

આ યાત્રાપ્રવાસમાં ડોનરશ્રીઓ, સભ્યશ્રીઓ તથા ગેસ્ટશ્રીઓ સારી એવી સંખ્યામાં પધાર્યા હતા.

ભાવનગરથી વહેલી સવારે નીકળી-ઘોઘા શ્રી નવખંડા પાર્શ્વનાથ દાદાની પૂજા-સેવા-દર્શન કરી નવકારશી બાદ ૯-૦૦ વાગે કદમ્બગિરિ યાત્રાર્થે નીકળી લગભગ ૧૧-૦૦ વાગે કદમ્બગિરિ પહોંચ્યા હતા, જ્યાં યાત્રિકોએ ભક્તિભાવપૂર્વક યાત્રા કરી હતી. દાદાના દરબારમાં સેવા-પૂજા-દર્શન તથા સ્નાત્રપૂજા ભણાવવામાં આવી હતી. અનેરા ભક્તિભાવથી યાત્રા પરિપૂર્ણ કરી કદમ્બગિરિ ભોજનશાળામાં બપોરના જમણ લઇ શેત્રુંજય ડેમ તીર્થ પહોંચ્યા. ત્યાં સેવા-પૂજા-દર્શન કરી પૂ આ. શ્રી વિજય રૂચકચંદ્રસૂરિજી મ. સા. આદિ ગુરૂભગવંતોને વંદન કરી સાંજના જમી પાલીતાણા-જયતલાટી દર્શન-ચૈત્યવંદન તથા આરતીનો લ્હાવો લઇ ત્યાંથી કીર્તિધામ-પીપરલા શ્રી સીમંધરસ્વામી પ્રભુજીના દર્શન કરી ભાવનગર પરત પહોંચેલ.

આમ સભાનો આ યાત્રાપ્રવાસ અનેરા ભક્તિભાવપૂર્વક, આનંદ અને ઉલ્હાસપૂર્વક પરિપૂર્ણ થયો હતો.

## આ યાત્રાના દાતાશ્રીઓની શુભ નામાવલી

| | નામ | સ્થળ |
|---|---|---|
| ૧ | શેઠશ્રી પ્રેમચંદ માધવજીભાઇ દોશી | ડેમ યાત્રાના દાતાશ્રી |
| ૨ | શેઠશ્રી અમૃતલાલ રતિલાલ સલોત | ,, ,, ,, |
| ૩ | શેઠશ્રી નાનાલાલ કુંવરજીભાઇ શાહ | ,, ,, ,, |
| ૪ | શેઠશ્રી ખાંતિલાલ રતિલાલ શાહ-ભદ્રાવળવાળા | ,, ,, ,, |
| ૫ | શેઠશ્રી મણિલાલ ફુલચંદભાઇ શાહ | ,, ,, ,, |
| ૬ | શેઠશ્રી કાંતિલાલ લવજીભાઇ શાહ-ટોપીવાળા | ઘોઘા યાત્રાના દાતાશ્રી |
| ૭ | શેઠશ્રી ખીમચંદ પરશોત્તમદાસ શાહ-બારદાનવાળા | ,, ,, ,, |
| ૮ | શેઠશ્રી રસીકલાલ છોટાલાલ સંઘવી | ,, ,, ,, |
| ૯ | શેઠશ્રી રમણિકલાલ માણેકચંદ શાહ-નાણાવટી | ,, ,, ,, |
| ૧૦ | શેઠશ્રી રતિલાલ ગોવિંદજીભાઇ-સોપારીવાળા | ,, ,, ,, |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### જૈન સમાજને ચકિત કરે છે !

# ચાર વર્ષનો સંયમ અને છ વર્ષની જયણા

શાળામાં પગ મૂકયા વગર ક–ખ–ગ–ઘ ભણ્યા વિના જૈન ધર્મના સૂત્રો-સ્તોત્રોને શુદ્ધ અને અસ્ખલિત રીતે કડકડાટ બોલી જનારા ચાર વર્ષના સંયમને અને છ વર્ષની જયણાને જોઇને વિસ્મયી બની જવાય છે.

ગુજરાતના મહુડી પાસેના લિંબોદરા ગામના વતની અને હાલ શાંતાક્રુઝમાં વસતા પરાગભાઇ અજિતભાઇ શાહ અને વર્ષાબહેનનાં આ બે તેજસ્વી બાળકોએ તાજેતરમાં જૈન સમાજમાં ખળભળાટ મચાવ્યો છે. આજના સંસ્કારવિહીન ઝેરી શાળા શિક્ષણના પ્રથમથી જ વિરોધી એવા પરાગભાઇ અને વર્ષાબેને પોતાના આ બે બાળકોને સ્કુલમાં મૂકયા જ નથી ! દાદા અજિતભાઇ અને દાદીમાં પદ્માબેન પાસે તેઓ હાલ શિક્ષણ લઇ રહ્યા છે. આ બન્ને બાળકોને નવસ્મરણ, વિતરાગ સ્તોત્ર, અતિચાર, પંચ પ્રતિક્રમણ, સરસ્વતી સ્તોત્ર જેવાં અનેક અઘરા સૂત્રો અને સ્તોત્રો કંઠસ્થ છે. તેઓ બન્ને સિદ્ધચક્ર પૂજન પણ ભણાવી શકે છે. સિદ્ધચક્ર પૂજનની બધી જ સંસ્કૃત ગાથાઓ તેમને કંઠસ્થ છે. આ બન્ને બાળકો સમક્ષ એક વખત જે સૂત્ર કે સ્તોત્ર બોલાય તે તેમને સાદ્યંત યાદ રહી જાય છે કેવી તેમની તીવ્ર યાદશક્તિ ! તેમના જ્ઞાનાવરણીય ક્ષયોપશમ પણ કેવા જબરા ! મહાપુણ્યાત્માઓને જ આવી લબ્ધિ પ્રાપ્ત થઇ શકે તેમ જૈન મહર્ષિઓ કહે છે.

સંયમ જ્યારે તેની માતાના ગર્ભમાં હતો ત્યારે તેની માતાએ નવ લાખ નવકારમંત્રનો જાપ કર્યો હતો. એ દિવસોમાં તેમણે રોજની પાંચ સામાયિક કરવાનું વ્રત પણ લીધું હતું. જેની માતા આટલી ધર્મપરાયણ હોય તેના સંતાનોમાં એ વારસો ઉતરે જ તેમાં નવાઇ નથી. પરાગભાઇ અને તેમનો સઘળો પરિવાર જૈનધર્મના સિદ્ધાંતોનું ચુસ્ત પાલન કરે છે. નવકારશી, ચોવિહારની સાથે તેઓ સ્વાધ્યાયમાં પણ પૂરતો સમય ફાળવે છે. સંયમ અને જયણાની આ મેધાવી શક્તિ વિષે માહિતી આપતા તેમના પિતાશ્રી કહે છે કે આ તો બધી અમારા પ્રાતઃ સ્મરણીય પૂજ્યપાદ ગુરુદેવશ્રી ભદ્રંકરવિજયજી મ. સા.ની જ પરમ કૃપા છે. તેમની કૃપાથી જ અમારો આખોય પરિવાર વધુ ને વધુ ધર્માભિમુખ બનતો ચાલ્યો છે.

**—ચીમનલાલ કલાધર તથા વી. કે. સલોત–મુંબઇ તરફથી**

---

## સત્સંગ



સત્સંગ....

ગલત સંસ્કારોને કદાચ પછી સુધારે છે

પણ....

ગલત સ્વભાવને તો તાત્કાલિક જ સુધારે છે.

સત્સંગના આ ફળનો


આપણને અનુભવ ખરો ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# 'સામાયિક વ્રત' મુક્તિની નિસરણી



સંકલન : 'ઊર્મિલ'

અમે કેટલાક મિત્રો, એક મિત્રની ઑફીસની કેબીનમાં બેઠા હતા.

બાળપણના સંસ્કારોની વાત થઇ રહી હતી.

પ્રીતિ દલાલ જૈન હતી. તેણી બોલી ઊઠી :

"સુરતમાં મારા શ્રદ્ધાળુ પરિવારમાં દેવ-દર્શન, ગુરુદર્શન તો ઘરના સૌ સભ્યોએ ફરજિયાત કરવાના.... મને સ્વીમીંગ પુલ જવાની ખૂબ જ હોંશ હતી તો પપ્પાજીએ કહ્યું "દરરોજ સામાયિક કરો, તો સ્વીમીંગ માટેની રજા આપું'!" આમ અમારામાં સામાયિકના સંસ્કાર દૃઢ થયા!

અમારા એક જૈનેતર મિત્ર તરત કુતૂહલતાથી પૂછી ઉઠ્યા :

"આ સામાયિક વળી શું છે?"

નાનપણથી 'સામાયિક'ની ક્રિયા મારા ચિત્ત પર દૃઢ થઇ છે, પરંતુ તેના શાસ્ત્રોક્ત અર્થ કે મહાત્મ્યની મને ખાસ ખબર નહિ. તેથી ઘરે આવી શાસ્ત્રોક્ત પુસ્તકો ઉથલાવી આ 'સામાયિક' અંગેની ઝીણામાં ઝીણી માહિતી જાણીને જંપ્યો અને પછી જ જમવા બેઠો....!

जस्स सामाणिओ अप्पा संजमे नियमे तवे ।
तस्स सामाइयं होइ, इइ केवलिभासिय ।।

સર્વજ્ઞ કેવલી ભગવંતે કહ્યું છે કે 'જેનો આત્મા સંયમ, નિયમ અને તપમાં રોકાયેલો છે, તેને સામાયિક હોય છે!' અર્થાત્ આત્માને સંયમ, નિયમ અને તપમાં લાવવો તેનું નામ 'સામાયિક' છે. 'સમતા'ની સાધના માટે 'સામાયિક' શબ્દ છે.

રાગદ્વેષમાંથી મુક્તિ પ્રાપ્ત કર્યા વિના સમત્વ આવી શકે નહીં તેથી જ હરિભદ્રસૂરિએ સામાયિકને 'મોક્ષાંગ' – મોક્ષના અંગ તરીકે વર્ણવ્યું છે ઉપાધ્યાય યશોવિજયજીએ કહ્યું છે કે સામાયિક એ દ્વાદશાંગીનું ઉપનિષદ છે. શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ પ્રકાશિત જૈન-દર્શન પરિચય શ્રેણીની પુસ્તિકા 'સામાયિક વ્રત'માં જાણીતા વિદૂષી લેખિકા પ્રા. તારાબેન રમણલાલ શાહે 'સામાયિક' શબ્દનો અર્થ સમજાવતા લખ્યું છે કે :

સમ + આઇ + ઇક = સામાયિક

સમ એટલે સમતા

આઇ એટલે લાભ

સમતા એટલે રાગદ્વેષથી રહિતપણું–જેમાં સમતાનો લાભ થાય તે સામાયિક 'સમ' એટલે સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ. સામાયિક એટલે જેમાં સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવનો લાભ થાય તે....!

ગણધર ગૌતમ શ્રમણ ભગવાન મહાવીરને પૂછે છે કે : 'હે ભગવાન! સામાયિક કરવાથી ભાવિ જીવ શું પ્રાપ્ત કરે છે?'

કરૂણામૂર્તિ ભગવાન મહાવીર પ્રત્યુત્તર આપે છે કે : 'સામાયિક કરવાથી જીવ સાવદ્યયોગોથી નિવૃત્તિ પામે છે'.

સાવદ્યયોગો એટલે પાપરૂપ સ્થૂલ કે સૂક્ષ્મ ક્રિયાઓ. તે ન કરવાથી નવા પાપ બંધાતા નથી. આમ 'સામાયિક' નવા પાપ થતાં અટકાવે છે.

જૈન દર્શનમાં છ આવશ્યક ક્રિયાઓ કરવાનું ભારપૂર્વક કહેવામાં આવ્યું છે. તેમાં સામાયિક સૌથી પ્રથમ છે. સામાયિકના મુખ્ય ચાર પ્રકાર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૧ ) શ્રુત સામાયિક – શ્રુત સાહિત્યનો ( શાસ્ત્રોનો ) અભ્યાસ

( ૨ ) સમ્યક્ત્વ સામાયિક – જેમાં સમ્યક્ત્ત એટલે કે સમકિતનું પાલન થાય તે

( ૩ ) દેશવિરતિ સામાયિક – ગૃહસ્થોનું બે ઘડીનું સામાયિક

( ૪ ) સર્વવિરતિ સામાયિક – સાધુ ભગવંતોનું આજીવન સામાયિક.

'સામાયિક' અંગે વિસ્તૃત ચર્ચા કરતા શાસ્ત્રોમાં એમ પણ જણાવ્યું છે કે : સામાયિક દ્રવ્ય સામાયિક અને ભાવ સામાયિક એટલે કે વ્યવહાર અને નિશ્ચય સામાયિક એવા બે ભેદ પણ પાડવામાં આવ્યા છે. વિધિપૂર્વક આસન ઉપર બેસી બે ઘડી સામાયિકની ક્રિયા કરીને તે 'દ્રવ્ય સામાયિક' અને આત્માને સ્વ–ભાવમાં સમતા ભાવમાં રાખવો તે 'ભાવ સામાયિક' અથવા નિશ્ચય સામાયિક છે.

समता सर्व भूतेषु संयमः शुभभावना ।
आर्त रौद्र परित्यागस्तद्धि सामायिकं व्रतम् ॥

શ્રી હરિભદ્રસૂરિએ 'અષ્ટક–પ્રકરણ'માં સામાયિકની વ્યાખ્યા આપતા કહ્યું છે કે 'સર્વ જીવો પ્રત્યે સમતાનો ભાવ રાખવો, ઇન્દ્રિયો ઉપર સંયમ રાખવો, ઉત્તમ ભાવના રાખી આર્ત અને રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરવો–એ સામાયિક વ્રત છે !'

## : સામાયિક માટેનાં ઉપકરણો :

સ્થાપનાચાર્ય : ગુરુભગવંતનું પ્રતિક

કટાસણું : ઊનનું કટાસણું ( આસન ) શક્તિસંચય અને ક્ષેત્ર પરિમાણ માટે.

ચરવળો : ભૂમિપ્રમાર્જન માટે આવશ્યક–જેનાથી સુક્ષ્મજીવોની જયણાપૂર્વક રક્ષા થાય. ( અહિંસાનું પ્રતીક )

મુહપત્તી : જીવદયા, વિનય અને સંયમનું પ્રતિક

નવકારવાળી : મંત્રજાપમાં સહાયરૂપ–ચિત્તની સ્થિરતા, એકાગ્રતા થાય ( ધ્યાનનું પ્રતિક ).

ગ્રંથો : સ્વાધ્યાય માટે આવશ્યક ( જ્ઞાનનું પ્રતિક ).

ઘડી : સમય દર્શાવનાર–અપ્રમત્ત ભાવને સૂચવનાર.

સામાયિક કરનારે સામાયિક લેવાની અને પારવાની વિધિ શુદ્ધિપૂર્વક કરવી જોઇએ. સામાયિકના સૂત્રોનો ઉચ્ચાર શુદ્ધ રીતે અર્થની સમજણ સાથે કરવો જોઇએ. સૂત્રો પ્રાકૃત ભાષામાં છે. તે ગણધર ભગવંતો એ અને પૂર્વાચાર્યોએ રચેલા છે.

વાસ્તુશાસ્ત્ર અનુસાર બની શકે ત્યાં સુધી પૂર્વ દિશા અથવા ઉત્તર દિશામાં મુખ રાખીને સામાયિક કરવા બેસવું જોઇએ. પૂર્વમાં સૂર્ય પ્રકાશે છે અને ઉત્તરે કુબેરનો વાસ છે તથા મેરૂ પર્વત આવેલો છે. અનુકૂળતા ન હોય તો અન્ય દિશામાં મુખ રાખીને સામાયિક કરી શકાય.

'સામાયિક' કરવાથી એટલો સમય શ્રાવક સાધુની સ્થિતિમાં હોય છે. 'વિશેષાવશ્યક ભાષ્ય'માં શ્રી જિનભદ્ર ક્ષમા શ્રમણે કહ્યું છે કે :

सामाइअंमि उ कअे समणो
इव सावओ हवइ जम्हा ।
अेअेणं कारणेण बहुसो
सामाइयं कुज्जा ॥

સામાયિક એટલે બે ઘડીનું સાધુપણું. પાપ પેદા કરતી પ્રવૃત્તિઓ તો અટકે પણ સાથે સાથે ત્યાગ, વૈરાગ્ય, સંયમ, ક્ષમાના ભાવો પણ શ્રાવકમાં પ્રગટે !

એક ધનાઢ્ય નગરશેઠનો નિત્ય નિયમ કે ઉપાશ્રયમાં જઇ નિશદિન સામાયિક કરવી. એક દિવસ કોટ, પાઘડી અને સોનાનો હાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખીંટીએ ટીંગાડીને તેઓ સામાયિકમાં બેઠા હતા. ત્યાં....

ઉપાશ્રયમાં એક ગરીબ શ્રાવક પણ સામાયિક કરવા આવ્યો....!

તે સખત નાણાંભીડમાં હતો તેથી તેની મતિ બગડી.

શેઠનો હાર ચોરી તે ત્યાંથી ચાલી નીકળ્યો....

તેને પૈસાની સખત જરૂર હતી, તેથી એ જ નગરશેઠની પેઢી પર જઈ હાર ગીરવે મૂકી પૈસાની માંગણી કરી.

શેઠે પોતાનો હાર ઓળખી લીધો, પણ કશું બોલ્યા નહીં.

'નાણાંભીડને કારણે આ શ્રાવકે ચોરી કરવી પડી હશે' એમ માની શેઠે તેને પૈસા આપ્યા પછી તો પેલો ગરીબ શ્રાવક એ પૈસામાંથી વેપાર કરી ખૂબ ધન કમાયો. એ દરમિયાનમાં એને ખબર પણ પડી કે ગીરવે મૂકેલો ચોરીનો એ હાર એ જ શેઠનો હતો. શેઠની ઉદારતાનો પરિચય પામી એને ખૂબ જ પશ્ચાતાપ થયો.

શેઠ પાસે આવી પૈસા પાછા આપ્યા. શેઠે પૈસા લીધા અને પ્રસન્નતાથી પેલો હાર પાછો આપ્યો. કશું બોલ્યા નહીં.

પેલા શ્રાવક માટે હવે આ બધું અસહ્ય હતું. એ શેઠના પગે પડી માફી માગવા લાગ્યો. શેઠજી મજબૂરીને લીધે મેં આ હાર ચોર્યો... તમારી પાસે જ ગીરવે મૂક્યો....તમે ધીરેલા નાણાંમાંથી હું અઢળક કમાયો... પણ શેઠ....

તમે આ બધું જાણવા છતાં કશું બોલ્યા નહીં. ન ઠપકો, ન ફરિયાદ કે ન કોઇ કાનુની કાર્યવાહી....!


આ વાતનું રહસ્ય સમજાવો શેઠ! પેલાએ આજીજી કરી ત્યારે શેઠે કહ્યું.

"જો ભાઇ! તેં જ્યારે હાર લીધો ત્યારે હું સામાયિકમાં હતો એટલે હું સાધુ સમાન હતો. મેં એ હારનો ત્યાગ કર્યો હતો. એટલે એ વખતે એ હાર પર મારો કોઇ અધિકાર નો'તો. તેં એ સમયે હાર લીધો તેથી હવે એ હાર મારો ગણાય નહીં".

શ્રાવક અને શેઠ બન્નેમાંથી કોઈ એ હાર સ્વીકારવા તૈયાર નો'તા. આખરે બન્નેએ મળીને મહાજનના શુભ ખાતામાં એ હાર આપી દીધો.

સામાયિકે બે ઘડીના સાધુત્વને સાર્થકતા આપી. માટે જ સામાયિકને 'મોક્ષની મુક્તિ'ની નિસરણી કહી છે. શુદ્ધ ભાવથી સામાયિક કરનાર કંઇ કેટલાયે પલ્યોપમવાળું દેવગતિનું આયુષ્ય બાંધે છે એમ કહેવાયું છે.

[ મુંબઇ સમાચારના તા. ૩-૯-૯૭ના દૈનિકમાંથી સાભાર.... ]



## તફાવત....

પાપી અને ધર્મી વચ્ચેનો તફાવત આપણી સગી આંખે કેમ પારખવો?

પાપીની પસંદગી એટલે હલકી જીવન પદ્ધતિ અને

ધર્મીની પસંદગી એટલે હળવી જીવન પદ્ધતિ....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગરના

# પેટ્રન–આજીવન સભ્યશ્રીઓને નમ્ર નિવેદન

**માનનીય ધર્માનુરાગી પેટ્રન તથા આજીવન સભ્યશ્રીઓ,**

સાદર જયજિનેન્દ્ર, આપશ્રી સપરિવાર કુશળ હશો.

સવિનય સાથ જણાવવાનું કે આપશ્રી આ સભાના પેટ્રન–આજીવન સભ્ય બની સભાની ઉન્નતીમાં જે સાથ–સહકાર આપી રહ્યા છો, તે બદલ સભા આપ સર્વે સભ્યશ્રીઓનો ખૂબ–ખૂબ આભાર માને છે.

વિશેષ જણાવવાનું કે આપણી સભાની કારોબારી દ્વારા નક્કી થયા મુજબ તા. ૨૧–૧૦–૯૬ના રોજ આપણી સભાના દરેક પેટ્રન તથા આજીવન સભ્યશ્રીઓને અલગ પોસ્ટથી માહિતી ફોર્મ તથા પરિપત્ર ભરીને મોકલી આપવા નમ્ર નિવેદન સાથે કવરીંગ લેટર મોકલ્યા હતા. ત્યારબાદ ' શ્રી આત્માનંદ પ્રકાશ ' માસીકના નવે–ડીસે–૯૬, માર્ચ–એપ્રીલ–૯૭, જુલાઇ–ઓગષ્ટ–૯૭ના અંકોમા પણ આ માહિતી ફોર્મ ભરી મોકલી આપવા જણાવ્યું હતું. પરંતુ તેમ છતાં આ માહિતી ફોર્મ હજુ પણ ઘણા સભ્યશ્રીઓ તરફથી આજ–દિન સુધી ભરાઇને આવેલ નથી, તો આ બાબતને ધ્યાનમાં લઇ અવશ્ય આપને મોકલાયેલ માહિતી ફોર્મ ભરીને મોકલી આપવા કૃપા કરશોજી.

સભાની કમિટી દ્વારા નક્કી થયા મુજબ તા. ૩૧–૩–૯૯ સુધીમાં જો આપને મોકલાયેલ માહિતીફોર્મ સભાને સમયસર નહિં પહોંચે તો આપને મોકલવામાં આવતુ ' શ્રી આત્માનંદ પ્રકાશ ' માસીક મોકલવનુ બંધ કરીશું જેની નમ્ર નોંધ લેવા વિનંતી છે.

### માહિતી ફોર્મ બાબત નીચેની સૂચના ધ્યાનમાં લેશો.

- આપશ્રીને મોકલાયેલ આ ચાલુ જાન્યુ.–ફેબ્રુ.–૯૯ના ' શ્રી આત્માનંદ–પ્રકાશ ' અંકના સરનામાના લેબલ ઉપર આપના નામ આગળ ગ્રાહક નંબર સૂચવેલ છે. જો આપના ગ્રાહક નંબર ઉપર **ગોળ રાઉન્ડ** કરેલ હોય તો આપશ્રીએ આપનું માહિતી ફોર્મ ભરીને મોકલ્યુ છે તેમ સમજવું.
- દરેક સભ્યશ્રીઓને અલગ પોસ્ટથી વ્યક્તિગત માહિતી ફોર્મ તથા પરિપત્ર મોકલ્યા છે છતાં જેમને આ ફોર્મ કોઇ કારણસર ન મળ્યું હોય તો તેમણે રૂા. ૩/– ની પોસ્ટ ટીકીટ લગાડેલું કવર સભાના સરનામે મોકલવાનું રહેશે. જેમના તરફથી આ કવર સભાને મળશે તેમને નવું માહિતીફોર્મ મોકલવામાં આવશે, જે ભરીને સભાને મોકલી આપવાનું રહેશે.
- સંસ્થાઓ, જિનાલયો, તીર્થો તથા લેખકશ્રીઓએ આ ફોર્મ ભરીને મોકલવાનું રહેતું નથી.
- ભાવનગરના લોકલ સભ્યશ્રીઓ જેમણે આ માહિતીફોર્મ ભરીને પહોંચાડેલ નથી તેમણે સભાએથી રૂબરૂ આવી આ માહિતીફોર્મ લઇ, તુરત ભરી પહોંચતું કરવું.
- ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં લઇ, આપનું માહિતીફોર્મ ભરાઇને મોકલાયું છે કે નહિ તેની ખાત્રી કરી લેવી. અન્યથા આપને મોકલવામાં આવતું ' શ્રી આત્માનંદ પ્રકાશ ' માસીક બંધ કરવામાં આવશે જેની વિનમ્ર નોંધ લેવા નમ્ર નિવેદન છે.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં લઇ સભાના આ સુકાર્યના સહભાગી થવા નમ્ર વિનંતી છે.

**પ્રમોદકાંત ખીમચંદ શાહ**–પ્રમુખશ્રી **ચીમનલાલ ખીમચંદ શેઠ**–મંત્રીશ્રી
**દિવ્યકાંત મોહનલાલ સલોત**–ઉપપ્રમુખશ્રી **હિંમતલાલ અનોપચંદ શાહ**–મંત્રીશ્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ) ફોર્મ-૪ નિયમ ૮ પ્રમાણે**

## "શ્રી જૈન આત્માનંદ પ્રકાશ"

**સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.**

**૧. પ્રસિદ્ધિ સ્થળ :** શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગર-૩૬૪ ૦૦૧

**૨. પ્રસિદ્ધિ ક્રમ :** દરેક અંગ્રેજી મહિનાની સોળમી તારીખ.

**૩. મુદ્રકનું નામ :** ભરતકુમાર છોટાલાલ શાહ
કયા દેશના : ભારતીય
ઠેકાણું : સાધના મુદ્રણાલય,
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪ ૦૦૧

**૪. પ્રકાશકનું નામ :**
શ્રી જૈન આત્માનંદ સભા, વતી
પ્રમોદકાંત ખીમચંદ શાહ
કયા દેશના : ભારતીય
ઠેકાણું : શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેઈટ, ભાવનગર-૩૬૪ ૦૦૧


**૫. તંત્રીનું નામ :**
શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ
કયા દેશના : ભારતીય
ઠેકાણું : શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર-૩૬૪ ૦૦૧

**૬. સામાયિકના માલિકનું નામ :**
શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેઈટ, ભાવનગર-૩૬૪ ૦૦૧

આથી હું પ્રમોદકાંત ખીમચંદ શાહ જાહેર કરું છું કે ઉપરની આપેલી વિગતો મારી જાણ તથા માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧૬-૨-૯૯

**પ્રમોદકાંત ખીમચંદ શાહ**



## અપનાવવા જેવુ

( ૧ ) શોધવા જેવી.... શાંતિ છે.
( ૨ ) સંઘરવા જેવી.... શક્તિ છે.
( ૩ ) પીવા જેવો.... ક્રોધ છે.
( ૪ ) લેવા જેવુ.... જ્ઞાન છે.
( ૫ ) દેવા જેવુ.... ધન છે.
( ૬ ) બોલવા જેવુ.... સત્ય છે.
( ૭ ) જીતવા જેવો.... પ્રેમ છે.
( ૮ ) બાળવા જેવી.... ઈર્ષા છે.
( ૯ ) લેવા જેવો.... સંતોષ છે.
( ૧૦ ) આપવા જેવી.... ક્ષમા છે.
( ૧૧ ) કરવા જેવો.... ત્યાગ છે.
( ૧૨ ) વશમાં રાખવા જેવી.... જીભ છે.
( ૧૩ ) છોડવા જેવો.... મોહ છે.
( ૧૪ ) તજવા જેવો.... સ્વાર્થ છે.
( ૧૫ ) કરવા જેવી.... સેવા છે.
( ૧૬ ) ગળી જવા જેવુ.... અપમાન છે.
( ૧૭ ) દિપાવવા જેવુ.... ચારિત્ર છે.
( ૧૮ ) સાંભળવા જેવો.... ગુણ છે.

## સમજવા જેવુ

ટી વી. સેટ, બરબાદી કા ગેટ;
મન ઔર જીવનકો, કરે અપસેટ.

શ્રી આનંદ કલ્યાણ જૈન સંઘ
ડોમ્બીવલી ( ઈસ્ટ ) મુંબઈ
અનુવાદક : **કે. આર. સલોત**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સાભાર સ્વીકાર



- શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનની પેઢી–નવસારી તરફથી 'એક પ્રવચન' લેખક પૂજ્ય પંન્યાસ શ્રી અભયસાગરજી મ. સા, સંપાદક મુનિ શ્રી અમરેન્દ્રસાગરજી મ. 'આગમોદ્ધારક સૂરિજી' લેખક પ્રો. શ્રી રમણલાલ સી. શાહ.
- મુનિ શ્રી ધર્મરક્ષિતવિજયજી મ. સા.–વિસનગર ( ઉ. ગુ. ) તરફથી ( ૧ ) મનવા ! જીવન જ્યોત પ્રગટાવ ( ૨ ) સમકિત–મૂલ બારવ્રત ૧૨૪ અતિચાર ( ૩ ) મનગમતી રોમાંચક વાર્તાઓ ભાગ–૧ ( ૪ ) મનગમતી રોમાંચક વાર્તાઓ ભાગ–૨ ( ૫ ) સૌને પ્રિય સચિત્ર રોમાંચક વાર્તાઓ. લેખક મુનિ શ્રી મલયકીર્તિવિજયજી મ. સા.
- મુનિ શ્રી અક્ષયચંદ્રસાગરજી મ. સા.–મુંબઇ તરફથી 'સૂતક મર્યાદાયૈ નમઃ' લેખક મુનિ શ્રી અક્ષયચંદ્રસાગરજી મ. સા.
- શ્રી વિશ્વ કલ્યાણ ટ્રસ્ટ–મહેસાણા તરફથી ( ૧ ) પ્રશમરતિ વિવેચનકાર પં. શ્રી ભદ્રગુપ્તવિજયજી મ. સા. ( ૨ ) સંયમ સાધના ( ૩ ) પીયો અનુભવ રસ પ્યાલા ( ૪ ) હારીભદ્રી યોગદર્શન ( ૫ ) મારગ સાચા કૌન બતાવે ? ( ૬ ) જ્ઞાનસાર ક્રમ નં. ૨ થી ૬ના લેખક આ. શ્રી વિજયભદ્રંકરસૂરીશ્વરજી મ. સા.
- કમલ પ્રકાશન ટ્રસ્ટ–અમદાવાદ તરફથી જૈન તત્વજ્ઞાન : સરળ ભાષામાં, તારક તત્વજ્ઞાન, શ્રાવક જન તો તેને કહીએ, જીવન જીવવાની કલા, જ્ઞાન દીપક પ્રગટાવો ભાગ ૧–૨–૩, ચાલો ચાલો સિદ્ધગિરિ જઇએ રે. કુલ બુક–૧૪.
- પૂ. મુનિ શ્રી ધર્મરક્ષિતવિજયજી મ. સા.–વિસનગર ( ઉ. ગુ. ) તરફથી 'વિંશતિવિંશિકા લે. પં. શ્રી કુલચંદ્રવિજયજી ગણિવર્ય. નકલ–૨.
- પૂ આ. શ્રી સુબોધસાગરસૂરિજી મ સા.–વિજાપુર તરફથી ( ૧ ) તરંગવતી ( ૨ ) આભ ઉચેરો આભાપતિ ( ૩ ) સત્‌ના ત્રાજવે લેખક : આ. શ્રી મનોહરકીર્તિસાગરસૂરિજી મ. સા.
- મદનરાજજી જૈન–ભીનમાલ ( રાજ. ) તરફથી ( ૧ ) વિશ્વ પૂજ્ય શ્રીમદ્ રાજેન્દ્રસૂરિ જીવન સૌરભ ( હિન્દી ) લે. ડો. પ્રિયદર્શનાશ્રી ( ૨ ) જીવનકી મુસ્કાન ( હિન્દી ) લે. ડો. પ્રિયદર્શનાશ્રી તથા ડો. સુદર્શનાશ્રી.
- રત્નત્રયી ટ્રસ્ટ–મુંબઇ તરફથી ( ૧ ) પુકાર ( ૨ ) ત્યારે હું આનંદિત થઇ ગયો. લેખક આ શ્રી વિજયરત્નસુંદરસૂરીશ્વરજી મ. સા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

## પરિપત્ર

### સામાન્ય સભાની મીટીંગ

**સુજ્ઞ સભાસદ બંધુઓ / બહેનો,**

આ સભાના સભ્યોની સામાન્ય સભાની બેઠક નીચેના કાર્યો માટે સંવત ૨૦૫૫ના ફાગણ વદ ૫ ને રવિવાર તા. ૭–૩–૯૯ ના રોજ સવારના ૧૦–૩૦ કલાકે શ્રી આત્માનંદ ભુવનમાં શેઠશ્રી ભોગીલાલ લેકચર હોલમાં મળશે, તો આપને હાજર રહેવા વિનંતી છે.

(૧) તા. ૪–૧–૯૮ ના રોજ મળેલી સામાન્ય સભાની બેઠકની કાર્યવાહીની શુદ્ધ નોંધ મંજુર કરવા.

(૨) તા. ૩૧–૩–૯૮ સુધીના આવક–ખર્ચના હિસાબ તથા સરવૈયા મંજુર કરવા. આ હિસાબ તથા સરવૈયા વ્યવસ્થાપક સમિતિએ મંજુર કરવા માટે ભલામણ કરેલ છે. સભ્યોને જોવા માટે તે સભાના ટેબલ ઉપર મુકેલ છે.

(૩) તા. ૧–૪–૯૮ થી તા. ૩૧–૩–૯૯ સુધીના હિસાબ ઓડિટ કરવા માટે ઓડિટરની નિમણુંક કરવા તથા તેનું મહેનતાણું નક્કી કરી મંજૂરી આપવા.

(૪) આવતા ત્રણ વર્ષ માટે હોદ્દેદારો તથા વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી કરવા.

(૫) પ્રમુશ્રીની મંજુરીથી મંત્રી રજૂ કરે તે.

લિ. સેવકો

તા. ૧૬–૨–૧૯૯૯
ભાવનગર

હિંમતલાલ અનોપચંદ મોતીવાળા
ચીમનલાલ ખીમચંદ શેઠ
માનદ્ મંત્રીઓ

---

તા. ક. (૧) આ બેઠક કોરમના અભાવે મુલતવી રહેશે તો તેજ દિવસે બંધારણની કલમ ૧૧ અનુસાર અર્ધા કલાક પછી ફરી મળશે અને વગર કોરમે પણ ઉપરની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

(૨) ૧૯૯૮–૯૯ના ઓડીટેડ હિસાબો સભાના ઓફીસ સમય દરમ્યાન તા. ૨૧–૨–૯૯ થી તા. ૨–૩–૯૯ સુધીમાં મેમ્બરો જોઇ શકશે.

For Private And Personal Use Only

Shree Atmanand Prakash ☐ જાન્યુ. ફેબ્રુ.-૯૯ ☐ Regd. No. GBV. 31



# વીરોનો વીર—મહાવીર

वीरोऽस्ति युद्धभूमीजिद्,
वीरः सिंहाभिभावकः ।
स तु वीरोऽस्ति वीराणां,
यो महाशय आत्मजित् ॥

卐

⊠ યુદ્ધભૂમિને જીતનાર વીર છે, સિંહને પરાસ્ત કરનાર વીર છે, પણ પોતાની જાત પર જે જીત મેળવે છે તે વીરોનો વીર છે. જે આત્મજિત્ છે તે મહાવીર છે.

卐

⊠ A conqueror of battle-fields and a vanquisher of lions are, no doubt, heroes, but the hero of heroes is he who gains victory over his self.

પ્રતિ,

From,
શ્રી આત્માનંદ પ્રકાશ
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : સાધના મુદ્રણાલય, દાણાપીઠ પાછળ, ભાવનગર